મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૯ ટકા

ગાંધીનગર તાપમાન

# સેકટરોમાં રાજકીય પક્ષોની જાહેર સભાઓ

ગાંધીનગર, તા.૧૦

બીજા તબક્કાની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ચૂંટણીને અનુલક્ષી રાજકીય પક્ષોના ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ઉમેદવારોનો ડોર-ટુ-ડોર પ્રચાર મોટા ભાગે પૂર્ણ થવા આવ્યો છે જયારે ડોર-ટુ-ડોર પ્રચારમાં ન પહોંચી શકેલા ઉમેદવારો દ્વારા નવા સેકટરોમાં જાહેર સભાઓ રાખી મતદારો સુધી પહોંચવાના અને રીઝવવાના પ્રયાસો શરુ થયા છે. આ જાહેર સભાઓના સમાપન બાદ ભોજન સમારોહનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જેમાં સવારે ભોજન સમારંભ હોય તો ફુલ ભાણું અને રાત્રીના સમયે હોય તો તુવેર ટોઠાની બોલબાલા છે.

ગાંધીનગર શહેરમાં ચુંટણીનું દંગલ બરાબરનું જામ્યું છે. રાષ્ટ્રીય કક્ષાના રાજકીય નેતાઓએ પાટનગરમાં ધામા નાંખ્યા છે. આ નેતાઓ ઠેર ઠેર સભાઓ યોજી રહ્યા છે. ઉમેદવારોની પાસે પ્રચારના માત્ર ૪૮ કલાક બાકી રહ્યા છે ત્યારે ડોર ટુ ડોર લોક સંપર્ક કરવો મુશ્કેલ છે ત્યારે બાઈક રેલી, સભાઓ દ્વારા મતદારો સુધી ઉમેદવારો પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. શહેરના નવા સેકટરમાં તો સભાઓની બોલબાલા છે. સવારે ભાજપ તો સાંજે કોંગ્રેસ તો બપોરે અન્ય ઉમેદવારની સભા યોજાય છે. સભાઓ યોજીને ઉમેદવારો મતદારોના પ્રાણ પ્રશ્નો અને તેઓની રજુઆતો ધ્યાનથી સાંભળી રહ્યા છે અને તેના નિરાકરણ માટે પ્રયત્નો કરી રહ્યા છે. જયારે આગામી બે દિવસ શહેરી અને ગ્રામ્ય મત વિસ્તારના મતદારોને રીઝવવા ગામ-સેકટરો અને સમાજ આધારીત ભોજન સમારોહ યોજાશે.

ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ કમિશન, ગાંધીનગર દ્વારા વિશ્વ હ્યુમન રાઈટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

## ચિલોડા વિસ્તારમાં રાજસ્થાની મહિલાઓ ભાજપના પ્રચારમાં જોડાતા ભારે કુતુહલ

ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન સંપન્ન થયા બાદ બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર તેજ કરી દીધા છે. ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારોમાં ભાજપના પીઢ અને લોકપ્રિય સીટીંગ ધારાસભ્ય વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના સમર્થકોટેકેદારોદ્વારા લોકસંપર્ક અભિયાન દરમિયાન સારો આવકાર મળી રહ્યો છે. ઓછા સમયમાં સૌથી વધુ મતદારોને મળી શકાય તે માટે હાઈટેક પ્રચાર પધ્ધતિ અપનાવી રહ્યા છે. શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારમાં વિવિધ સમાજના મતદારોનું વર્ચસ્વ સરખું રહેતા નિર્ણાયક ભુમિકા ભજવશે તો પરિણામ ચોંકાવનારું સાબિત થાય તેવું જણાય છે આમ છતાં ભાજપના સમર્થકો દ્વારા ચિલોડા વિસ્તારમાં અનોખો પ્રચાર કરી ચુંટણી માહોલ સર્જી રહ્યા છે. રાજસ્થાનની ત્રણ મહિલાઓએ ઢોલ વગાડી હાથમાં ભાજપનો ઝંડો લઈ મોદીજીને જીતાદોજીનું મધુર ગીત ગાતાં બજારમાં ઘુમી પ્રચાર કરતાં આશ્ચર્યજનક અને કુતુહલ પેદા થયું હતું.

# સિટી પલ્સ ખાતે નિફટનું સ્ટેશન એકિટવેશન આર્ટ એકિઝબીશન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર કન્ટેમ્પટરી આર્ટનું એકિઝબીશન યોજાયું હતું. જેમાં શહેરના કલાકારો નિલેશકુમાર સિધ્ધપુરા અને ઐશ્વર્યા સિધ્ધપુરાના બિનપરંપરાગત નાવિન્ય સભર આર્ટ વર્કસનું પ્રદર્શન સિટીપ્લસ સિનેમાની આર્ટગેલેરીમાં યોજાયું હતું. જેનું ઉદઘાટન નિફટના ડાયરેકટર અરિન્દમ દાસના હસ્તે કરાયું હતું.

ઐશ્વર્યા સિધ્ધપુરા જેઓ એકેલીક, પ્લાયવુડ અને સ્કિન પ્રિન્ટીંગ, પેઈન્ટીંગને મિકસ કરીને આર્ટવર્ક બનાવે છે. તેઓના કામ આપણી ભાષાની કહેવતો ઉપર આધારિત છે જેમ કે, 'દીવારો સે સર ટકરાના મના હૈ', 'ચલો ઈન્ડિયા ચલે'. ઐશ્વર્યાના કામ સામાન્ય માનવીને સમજાય તેવા છે. કટઆઉટ વાળા તેમના કામ ખૂબ જ આકર્ષિત કરે છે.

નિલેશ સિધ્ધપુરાના કામ નેચર અને કન્ટેમ્પરરી ટેકનોલોજીના સંબંધો પર આધારીત છે. તેઓ માને છે કે આપણે નેચર અને ટેકનોલોજીનું સમતોલન જાળવવું જોઈએ. તેઓ વુડ, ગ્લાસ કાસ્ટીંગ, સિરામીક, મેટલ અને ફોટોગ્રાફી મિડીયમમાં કામ કરે છે. તેમના કામ અલગ અલગ આકારમાં કટીંગ થયેલા છે. તેઓ પરંપરાગત ચોરસ કે લંબચોરસ આકારની ફ્રેમમાં કામ કરતા નથી. આ પ્રદર્શન ૨૫ ડિસેમ્બર ૨૦૧૭ સુધી ખુલ્લુ રહેશે.

# લાયોનેસ કલબ દ્વારા પાલજ ગામમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પાલજ ગામમાં સ્થિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં આયોજીત પાંચ દિવસીય એન.એન.એસ. કેમ્પમાં ખુબ જ સુંદર જનજાગૃતિ કાર્યક્રમો અને અનેકવિધ સેવાકાર્ય કરવામાં આવ્યા હતા. જેમાં 'ઉત્તમ વિદ્યાર્થી બનો' કાર્યક્રમમાં યુવા સ્પીકર મહર્ષિ રાવલ દ્વારા પ્રેરણાત્મક ઉદબોધન આપવામાં આવ્યું હતું. જયારે થેલેસેમિયા જેવા ગંભીર રોગની અવેરનેસ માટે સુકેતુભાઈ મહેતાએ સરળ રીતે સમજણ પુરી પાડી હતી. ઉપરાંત રકતદાનના મહત્વ અંગે સવિતાર સમજાવવામાં આવ્યું હતું અને રકતદાન કરવા પ્રેરણા આપવામાં આવી હતી. મહિલાઓ માટે પેપ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની ૮૦થી વધુ મહિલાઓએ લાભ લીધો હતો. ડાયાબિટીસ, બી.પી. ટેસ્ટ અને નેત્ર નિદાન કેમ્પનો ૧૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. જે પૈકી ૧૭ વ્યકિતઓનું મોતિયાનું ઓપરશન નિઃશુલ્ક કર્ણાવતી આંખની હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યમાં એન.એસ.એસ. પ્રોગ્રામ સંયોજક ડૉ. વર્ષાબેન પરીખ અને વિદ્યાર્થીઓ તેમજ ડૉ. વિક્રમ સારાભાઈ શાળાના આચાર્યનો સહકાર સાંપડયો હતો. આ સેવાયજ્ઞમાં લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેકેટરી નીતાબેન રાણા, એન.એસ.એસ. કમિટી ચેરમે દેવલબેન જોષી, સાઈટ ફર્સ્ટ કમિટી ચેરમેન અંજલીબેન ભટ્ટ અને મોટી સંખ્યામાં લાયોનેસ સભ્યો હાજર રહ્યા હતા.

# સૂર્યશકિતથી ઘર અને બ્રહ્મચર્યની શકિતથી સહજીવન સજાવતુ દંપતિ

## ઘરમાં બાથરૂમથી માંડીને બેડરૂમ સુધી ટીવી, ટેલિફોન, લીફટ અને ઓડિયો સીસ્ટમ જેવી અત્યાધુનિક સગવડ સાથે જીવન સંપૂર્ણપણે આધ્યાત્મિકતાથી ભરપૂર તેવું અનોખું દંપતિ

સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૦

એક સમય હતો જયારે મહોલ્લામાં કોઈના ઘરે ટીવી આવે એટલે આસપાસના વિસ્તારમાં સર્વત્ર આનંદ છવાઈ જતો પરંતુ આજે ડ્રોઈંગરૂમ અને બેડરૂમમાં અલગ અલગ ટીવીનું ચલણ છે. જો કે આ બધા નવી પેઢીના નખરા છે એવું જો કોઈ કહેતું હોય તો તેમણે જાણી લેવું જોઈએ કે ગાંધીનગરમાં એક એવું વરિષ્ઠ વયનું યુગલ રહે છે જેના ઘરમાં એક, બે કે ત્રણ નહી પુરા સત્તર ટેલીવિઝન સેટ છે. માત્ર ટીવી જ નહી પરંતુ ફકત ૮૧ મીટરના પ્લોટમાં ત્રણ મજલાના બનેલા તેમના મકાનમાં એક ટેલિફોન લાઈન પર ૧૪ ફોન અને અલગથી ઈન્ટરકૉમ સુવિધા પણ ખરી. આ ઉપરાંત ઘરમાં આરઓ સીસ્ટમ, ટીવી જેટલી જ ઓડિયો સીસ્ટમ તથા લીફટની સગવડ પણ છે. વળી આ ઘર આખું સોલાર વિજળીથી કાર્યરત છે અને ઘણીવાર વિજ કંપનીએ તેમના વિજ વપરાશની સામે વિજ ઉત્પાદન બિલમાં 'ક્રેડિટ' આપવી પડે છે.

ગાંધીનગરના સેકટર-૨૧માં ૬૫ વર્ષીય ભરતકુમાર શુકલ અને તેમના ધર્મપત્ની આરતીબેન શુકલના આ ઘરમાં ડ્રોઈંગરૂમમાં ૩ ટીવી સેટ રસોડું, બાથરૂમ, લીફટ, વરંડો, બેડરૂમ્સ, ટેરેસ અને તેની પર ઉપર બનાવેલ યોગ માટેની કુટિર સુધ્ધાં દરેક જગ્યાએ ટીવી અને ઓડિયો સીસ્ટમ, ટેલિફોન, ઈન્ટરકોમ, પંખો, ઘડિયાળ વગેરેની વ્યવસ્થા છે. ઘરના દરવાજે લગાડેલ સીસીટીવી કેમેરાનું કનેકશન દરેક ટીવી સેટમાં આપેલું છે. ડીવીડી સીસ્ટમ પણ એવી ગોઠવી છે કે એક જગ્યાએથી સીડી ચલાવો તો ઘરના દરેક ટીવી સેટમાં જોઈ શકાય અને ઓડિયો સીસ્ટમ પણ એ જ રીતે એક જગ્યાએથી વાગતી કેસેટ દરેક સ્થાનેથી સાંભળી શકાય તે રીતે ગોઠવી છે. ઘરમાં દરેક સ્થાને સરકારી કાર્યાલયની જેમ જરૂરી સૂચનાઓ કે સુવિધાનું નામ લખેલું હોય એટલું જ નહી પરંતુ બંને પતિ પત્નિના અલગ અલગ રૂમ અલગ અલગ માળે છે જેના દરવાજે તેમની વ્યકિતગત નેઈમ પ્લેટ લગાડાયેલી છે. લીફટમાં પણ જરુરી સૂચનાઓ સાથે આકસ્મિક સંજોગોમાં જરૂર પડે તેવા ફોન નંબર પણ લખેલા છે. આમાં ઘરમાં દરેક બાથરૂમ અને રસોડામાં ઠંડુ ગરમ પાણી નળમાંથી આવે તે માટે ઓટોમેટિક સૉલાર વૉટર હીટર સીસ્ટમ અને એસી-હીટરની પણ સુવિધા જોવા મળે છે. ધાબા પર લગાડાયેલ સૂર્યકિરણ વિજશકિત માટેની સીસ્ટમથી તમામ સાધનો ચાલે છે છતાં વૈકલ્પિક પાવરની પણ વ્યવસ્થા રાખી છે.

પાંચ બહેનોના એકના એક ભાઈ એવા ભરતભાઈને પોતાની માતા ત્રિવેણીબેન જીવથી પણ વ્હાલા હતા અને તેમણે વારસામાં આપેલા પ્લોટ પર સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી મળેલું કવાટર્સ ખાલી કરવાનું થતા આ મકાન બંધાવ્યું છે.જયારે તેઓ સરકારી મકાનમાં રહેતા હતા ત્યારે પડોશીને ત્યાં આવેલા એક આધ્યાત્મિક પુરુષે તેમનું ભવ્ય મકાન હશે તેવી ભવિષ્યવાણી કરી હતી પરંતુ ભરતભાઈને વાત તે વખતે સ્વપ્ન સમાન લાગતી હતી એટલે એને ગણકારી નહોતી એવું નથી કે ભરતભાઈ કે આરતીબેનને કોઈ વૈભવી જીંદગીની આદત કે લાલસા છે એટલે આટલી સુવિધાઓ રાખી છે બલ્કે તે દંપતિનું જીવન તો સતત આધ્યાત્મિકતા અને સુનિશ્ચિત નિત્યક્રમ સાથેનું છે. બંને સવારે ૩ કલાકે ઉઠી જાય છે અને પોતપોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત બની જાય છે. ભરતભાઈ ટેરેસ પરની કુટિરમાં યોગ કરે તો આરતીબેન તેમના રૂમમાં પૂજા-અર્ચના કરે. ત્યારબાદ ન્હાઈ ધોઈ બંને સાથે ચાલવા નીકળી પડે છે. ચાલીને આવ્યા પછી ચા-નાસ્તો કરતા ડાઈનીંગ ટેબલ પર સમગ્ર દિવસનું પ્લાનીંગ કરાય છે જેને કાગળ પર લખવામાં આવે છે અને તે મુજબ દિનચર્યા શરુ થાય છે. ૨૨ વર્ષથી વધુના લગ્નજીવનમાં એકમેકને પૂરક થઈને રહેતા આ દંપતિની આશ્ચર્યજનક વાત તો એ છે કે બંને લગ્ન સમયથી જ 'બ્રહ્મચર્ય'નું પાલન કરે છે. બંને પોતાના કુટુંબના દબાણથી લગ્ન કરવા તૈયાર થયા હતા પરંતુ લગ્ન પહેલા જ એકમેક સાથે વાત કરીને નક્કી કરી લીધું હતું કે 'આધ્યાત્મિક માર્ગે જ આગળ વધવું છે એટલે બ્રહ્મચર્યનું પાલન કરીશું' અને બંને એકબીજાના આ કોલને એવી રીતે નિભાવે છે કે કોઈ એક ડગે તો બીજુ તેને સંભાળી લે છે.

પૂ. ગાંધીજીના નિકટના સાથી સ્વામી આનંદ જેના સગા મામાના દિકરા હતા તેવા શાંતિલાલના પુત્ર ભરતભાઈના ઘરમાં પણ આધ્યાત્મિક સંસ્કાર વણાયેલા હતા જેની લગની તેમને લાગી ચુકી હતી. બીજી તરફ માતા-પિતા સાથે સતત સ્વાધ્યાય પરીવારના સત્સંગમાં જતા આરતીબેનનો ૧૯ વર્ષની વયે ગુરૂ બ્રહ્માનંદ માતાજી સાથે ભેટો થતા તેમણે જીવનપથની દિશા એ તરફ જ વાળી લીધી હતી. ભરતભાઈ નાગરિક પુરવઠા વિભાગમાં જુનિયર કલાર્ક તરીકે જોડાયા હતા અને આસીસ્ટન્ટ મેનેજર બનીને નિવૃત્ત થયા જયારે આરતીબેન બીજે મેડિકલમાં લેબોરેટરી ટેકિનશીયન તરીકે કાર્યરત હતા. બંને સમગ્ર પરિવારને અને ખાસ કરીને માતા ત્રિવેણીબેનને અનુરૂપ રોજીંદી ફરજો બજાવવા સાથે એકબીજાની નોકરીનો સમય પણ સાચવી લતા હતા. આવું સતત સ્નેહ અને આદરભર્યું સહજીવન છતાં કડક બ્રહ્મચર્યનું પાલન પણ તેમણે ખૂબ સારી રીતે મેનેજ કરી લીધું છે. કોઈ ભૂલ થાય તો ભૂલનો સ્વીકાર કરવો, ભૂલ ફરી ના થાય તેનો નિશ્ચય કરી તે માટે યોગ્ય નિર્યણ લેવો તે તેમની પ્રાથમિકતા છે. ભરતભાઈ બ્રહ્માકુમારીઝની આધ્યાત્મિકતાના પંથે તો આરતીબેન સ્વાધ્યાય પરિવારની સંગે તેમની દિવ્યતા દિપાવી રહ્યા છે. રોજ પોતાના આંગણે બેસી પક્ષીઓને ચણ નીરવાની સાથે આ પક્ષીઓએ એટલો ઘરોબો કેળવી લીધો છે કે તેમની બેઠક પર પાસે આવીને પણ બેસી જાય છે. આ ચણ નીરતા નીરતા ભરતભાઈ કહે છે 'ટીવીમાં મને આધ્યાત્મિક કાર્યક્રમ જોવા સિવાય મારા સીસીટીવી કેમેરાથી કોણ આવ્યું છે તે જોવામાં જ રસ છે.' બાકી તો શાંતિ એ જ મારો શોખ છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## વાતવાતમાં

● પાટનગરમાં ચૂંટણી પ્રચારની રંગત જામી છે અને બધા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે સેકટરની ગલીઓ ખુંદી રહ્યા છે. વળી જુદા જુદા ઉમેદવારો સરઘસ તથા રેલી થકી નગરજનોને મનોરંજન પુરું પાડવા સથે મત આપવા રીઝવવા એડી ચોટીનું જોર પણ લગાવી રહ્યા છે.

● શહેરમાં આજે લગ્નસરાની મૌસમ પણ પુરબહારમાં ખિલી ઉઠી હતી. જેના કારણે શહેર સતત ગુંજતું રહ્યું હતું. ઠેર ઠેર વરઘોડા અને સરઘસનો માહોલ હતો. જેમાં ચૂંટણી પ્રચાર સરઘસ અને વરઘોડા સામે આવી જવાના દંશ્યો પણ સર્જાયા હતા.

● લગ્નોની આ મોસમમાં પરિવારભાવનાનું પણ સુંદર ઉદાહરણ ગાંધીનગર શહેરના ફુટપાથ પર જોવા મળ્યું હતું. લગ્નના શોરબકોરના કારણે નહિ સુઈ શકેલા એક શિશુને તેના યુવાન માતા-પિતા ત્રણ નંબરના રોડ પાસે ફુટપાથ પર દુપટ્ટામાં હીંચકો ઝુલાવતા જોવા મળ્યા હતા. અનેક રાહદારીઓએ આ દંશ્યને મનભરીને જોયું હતું.

## ચિરવિદાય

● સ્વ. બીપીનચંદ્ર જમનાદાસ કારીયા, ઉ.વ. ૬૭